| દિવ્યેશ પી. જુમખાવાલા | Divyesh P.Jumkhawala |
|---|---|
| બી.કોમ.એલએલ.બી. | B.Com LL.B. |
| એડવોકેટ | Advocate |
| ૪/૩૭૬૫, ખરાદીશેરી, ઝાંપાબજાર,, સુરત. | 4/3765, KHARADI SHERI, ZAMPABAZAR SURAT. |
| ફોન નં. : ૨૪૧૪૬૩૭, ૯૮૯૮૯૬૩૬૩૧ | Ph No.(0261)2414637, 9898963631 |


તારીખ : ૧૦ / ૦૪ /૨૦૧૮

# :: ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ::

સુરત ડીસ્ટ્રીકટ, ઉધના સબ ડીસ્ટ્રીકટ મોજે ગામ : ભેસ્તાન, તાલુકો : ઉધનાના જુના સર્વે નંબર : ૧૪૩ વાળી, રીસર્વે બાદ સર્વે નંબર : ૧૦૯ વાળી ૨૨૫૦૦ સમ ચોરસ મીટર ક્ષેત્રફળવાળી જમીન જેને ટી.પી.સ્કીમ નંબર : ૨૨(ભેસ્તાન)હેઠળ આવી જતા મુળ ખંડ નંબર : ૧૩ થી ઓળખાય છે જેના બદલામાં મજકુર સ્કીમ હેઠળ અંતિમખંડ નંબર :૨૬ થી ૧૫૭૭૯ સમ ચોરસ મીટર ક્ષેત્રફળવાળી બિનખેતીની જમીનમાં પાડવામાં આવેલા સબ પ્લોટો પૈકી સબ પ્લોટ નંબર : ૪ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ ૧૮૨૫ સમ ચોરસ મીટર ક્ષેત્રફળવાળી બિનખેતીની જમીન તથા તેને લાગતા વળગતા તમામ હકકો સહીત કુલ્લે દરોબસ્ત પ્લોટવાળી જમીનનો

## પ્લોટવાળી જમીનના માલિકો :-

મેસર્સ શાહ ઈન્ફ્રા નામની ભાગીદારી પેઢી,( PAN NO. :ADKFS 5396L)

ઠેકાણું : સિસ્કા પ્લાઝા, ટી.પી.૨૨, એફ.પી.૨૬/૪, સોફટવેર પાર્કની બાજુમાં, ભેસ્તાન, સુરત-૩૯૫૦૨૩ વતી અને તરફે તેના ભાગીદારો

(૧) **મોતીરાજ રણમલ શાહ,** ( PAN NO. :CTLPS3016G)

ઉ.આ.વ. : ૨૫, ધંધો : વેપાર,

રહેવાસી : ૬/એ, પ્લેટીનીયમ રેસીડેન્સી, સોમેશ્વર ચોકડી, વેસુ, સુરતનાં..

(૨) **પુષ્પાબેન રણમલ શાહ,** ( PAN NO. :AEDPS 0297Q)

ઉ.આ.વ. : ૫૨, ધંધો : ઘરકામ તથા વેપાર,

રહેવાસી : એજનનાં..

(૩) **સંગીતાબેન રમેશ શાહ,** ( PAN NO. :ADJPS0461P)

ઉ.આ.વ. : ૪૨, ધંધો : ઘરકામ તથા વેપાર,

રહેવાસી : ૯/એ, પ્લેટીનીયમ રેસીડેન્સી, સોમેશ્વર ચોકડી, વેસુ, સુરતનાં..

(૪) **સ્વરૂપ રમેશ શાહ,** ( PAN NO. :GEXPS5462B)

ઉ.આ.વ. : ૨૦, ધંધો : અભ્યાસ તથા વેપાર,

રહેવાસી : એજનનાં..

સદરહુ જમીન અંગેના ટાઈટલની હકીકત એવી રીતે ચાલી આવેલ છે કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ સીટી–ઉધનાના મોજે : ભેસ્તાનના રે.સ.ન. ૧૦૯ થી નોંધાયેલી બિનખેતીની જમીનના ટાઈટલની હકીકત એવી રીતે ચાલી આવેલ છે કે, મોજે : ભેસ્તાનના જુના રે.સ.નં.૧૪૩ વાળી જમીન બીજી જમીનો સાથે સુરેશચંદ્ર ધીરજલાલ સ્ટોર વિગેરેની માલિકીની ચાલી આવેલી અને તે જમીનમાં એકશ્રી રણછોડભાઈ રામભાઈ જાથુકના ગણોતીયા હતાં. સદરહુ જમીન માલિકોએ ગણોતીયાઓનું ગણોત વધારવા માટે મહેરબાન મામલતદાર સાહેબની કચેરીમાં અરજી આપેલી, તે કામે મહેરબાન મામલતદાર સાહેબે ગણોતીયા જાથુકના હોવાથી જમીન માલિકોની માંગણી નામંજુર કરેલી. તે હુકમ વિરૂધ્ધ જમીન માલિકોએ આસીસ્ટન્ટ કલેકટરશ્રી, ચોર્યાસી પ્રાંતની કચેરીમાં ટેનન્સી અપીલ નં.:૯૦ થી ૧૧૬ સને ૧૯૫૬ ની દાખલ કરેલી, તે અપીલોમાં રણછોડભાઈ રામભાઈ વિરૂધ્ધ ની અપીલનો પણ સમાવેશ થયેલો. તે કામે આસીસ્ટન્ટ કલેકટર સાહેબે તમામ ગણોતીયાઓને કાયમી ગણોતીયાઓ ઠેરવેલા.જે હુકમની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.: ૧ તા. : ૦૯–૧૦–૧૯૫૬ ના રોજ પાડવામાં આવેલી અને તે એન્ટ્રી પ્રમાણિત થયેલી.

દરમ્યાનમાં રણછોડભાઈએ મજકુર જમીન પરત્વેના પોતાના કાયમી યાને જાથુકના હકકો તારીખ : ૧૨–૦૪–૧૯૫૨ ના રોજના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રૂએ એકશ્રી છીતુભાઈ ઉર્ફે ખુશાલભાઈ માવજીભાઈને વેચાણ આપેલાં. મજકુર દસ્તાવેજ આધારે મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.: ૨૦ તા.: ૨૮–૦૧–૧૯૫૮ની પાડવામાં આવેલી અને તે પ્રમાણીત થયેલી.મજકુર એન્ટ્રીની અસરરૂપે બીજા હકકની કોલમમાં છીતુભાઈ ઉર્ફે ખુશાલભાઈ માવજીભાઈનું નામ દાખલ થયેલું.

ગણોતધારા હેઠળના પ્રકરણો જમીન માલિક અને રણછોડભાઈ રામભાઈ વચ્ચે ચાલુ રહેલાં. છેવટે મહે.મામલતદાર સાહેબના ગણોતધારાની કલમ :૩૨(ગ) હેઠળના પ્રકરણોમાં રણછોડભાઈ

રામભાઈને જમીનના ખરીદનાર જાહેર કરવામાં આવેલા અને ખરીદ કિંમતની પુરેપુરી રકમ રૂા.૩૦૬.૭૮ પૈસા ભરપાઈ થયેલી હોવાથી કલમ : ૩૨(ગ) હેઠળ નમુના–૯ માં ખરીદીનું પ્રમાણપત્ર આપવામાં આવેલું. હુકમની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર એન્ટ્રી નં.૩૬૫ તારીખ : ૨૪–૦૮–૧૯૬૬ થી થયેલી અને તે એન્ટ્રી પ્રમાણિત થયેલી. પરંતુ રણછોડભાઈ રામભાઈએ પોતાના હકકો અગાઉથી તારીખ : ૧૨–૦૪–૧૯૫૨ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી છીતુભાઈ ઉર્ફે ખુશાલભાઈ માવજીભાઈને વેચાણ આપેલાં હોવાથી હકક પત્રક એન્ટ્રી નંબર : ૩૬૯ તારીખ : ૨૭–૦૮–૧૯૬૬ ના રોજથી રણછોડભાઈ રામભાઈનું નામ કબજેદાર તરીકેથી કમી કરી છીતુભાઈ ઉર્ફે ખુશાલભાઈનું નામ કબજેદાર તરીકે દાખલ કરવામાં આવેલું.

છીતુભાઈ ઉર્ફે ખુશાલભાઈ માવજીભાઈએ મોઢાના કરારથી સદરહુ જમીન પોતાના દિકરા ઈશ્વરભાઈ છીતુભાઈ ઉર્ફે ખુશાલભાઈને ટ્રાન્સફર કરેલી અને તે ઉપરથી હકક પત્રક એન્ટ્રી નંબર : ૪૫૭, તારીખ : ૦૪–૧૧–૧૯૬૯ થી ઈશ્વરભાઈ છીતુભાઈનું નામ મહેસુલી રેકર્ડ ઉપર કબજેદાર તરીકે દાખલ કરવામાં આવેલું. ઈશ્વરભાઈ છીતુભાઈની સંમતિથી તેમના દિકરાઓ નામે શૈલેષ ઈશ્વરભાઈ તથા રાજુભાઈ ઈશ્વરભાઈના નામો સામાયિકપણામાં હકક પત્રક એન્ટ્રી નંબર : ૧૬૯૫ થી તારીખ : ૦૫–૧૦–૧૯૯૮ થી દાખલ કરવામાં આવેલાં.

ઈશ્વરભાઈ ખુશાલભાઈ, શૈલેષભાઈ ઈશ્વરભાઈ તથા રાજુભાઈ ઈશ્વરભાઈ પાસેથી સદરહુ જમીન તારીખ : ૧૮–૦૧–૨૦૦૧ ના રોજના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી રામજીભાઈ ડાહયાભાઈ વડારીયા(પટેલ) એ વેચાણ રાખેલી. મજકુર દસ્તાવેજ મહેરબાન સુરતના સબ રજી. સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકમાં ૩૫૭ નંબરે તારીખ : ૧૮–૦૧–૨૦૦૧ ના રોજ નોંધણી અર્થે રજુ થયેલો અને પાછળથી ૧ નંબરની બુકમાં ૫૨૯૯ નંબરે તારીખ : ૧૯–૦૪–૨૦૦૫ ના રોજ રજીસ્ટર્ડ થયેલો. મજકુર દસ્તાવેજ આધારે મહેસુલી રેકર્ડ ઉપર ખરીદનારનું નામ હકક પત્રક એન્ટ્રી નંબર : ૧૯૬૧ થી તારીખ : ૦૩–૧૨–૨૦૦૫ ના રોજથી દાખલ થયેલું અને એન્ટ્રી પ્રમાણિત થયેલી.

સર્વે નંબર : ૧૪૩ વાળી જમીનનું ક્ષેત્રફળ એકર–૫–૨૨ ગુંઠા યાને ૨૨૪૬૦ સમ ચોરસ મીટર હતું. રીવીઝન સર્વે થતાં મજકુર જમીનને સર્વે નંબર : ૧૦૯ આપવામાં આવેલો અને ક્ષેત્રફળ ૨૨૫૦૦ સમ ચોરસ મીટર કાયમ થયેલું.

ભેસ્તાન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નંબર : ૨૨(ભેસ્તાન) લાગુ પાડવામાં આવેલી. મજકુર સ્કીમ હેઠળ સર્વે નંબર : ૧૪૩ વાળી જમીનનો મુળ ખંડ નંબર : ૧૩ બનેલો અને તેના બદલામાં અંતિમ ખંડ નંબર : ૨૬ થી ૧૫૭૭૯ સમ ચોરસ મીટર જમીન ફાળવવાનું નકકી થયેલું.

રામજીભાઈ ડાહયાભાઈ પાસેથી સદરહુ જમીન તારીખ : ૩૧–૧૨–૨૦૦૫ ના રોજના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી રવજીભાઈ અરજણભાઈ પટેલ, ઈશ્વરભાઈ રવજીભાઈ પટેલ તથા પદમશીભાઈ રણછોડભાઈ પટેલ એમ ત્રણ વ્યકિતઓએ સાથે મળીને વેચાણ રાખેલી. તે વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકમાં ૧૩૦૩૦ નંબરે તારીખ : ૨૬–૦૬–૨૦૦૭ ના રોજ રજીસ્ટર્ડ થયેલો. મજકુર દસ્તાવેજ આધારે મહેસુલી રેકર્ડ ઉપર ખરીદનાર ઈસમોના નામ હકક પત્રક એન્ટ્રી નંબર : ૨૦૩૨ થી તારીખ : ૨૦–૦૭–૨૦૦૭ થી દાખલ થયેલા અને તે એન્ટ્રી પ્રમાણિત થયેલી.

ભેસ્તાન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નંબર : ૨૨(ભેસ્તાન) લાગુ પાડવામાં આવેલી. મજકુર સ્કીમ હેઠળ સર્વે નંબર : ૧૪૩ વાળી જમીનનો મુળ ખંડ નંબર : ૧૩ બનેલો અને તેના બદલામાં અંતિમખંડ નંબર : ૨૬ થી ૧૫૭૭૯ સમ ચોરસ મીટર જમીન ફાળવવાનું નકકી થયેલું.

રામજીભાઈ ડાહયાભાઈ પાસેથી સદરહુ જમીન તારીખ : ૩૧–૧૨–૨૦૦૫ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી રવજીભાઈ અરજણભાઈ પટેલ, ઈશ્વરભાઈ રવજીભાઈ પટેલ તથા પદમશીભાઈ રણછોડભાઈ પટેલ એમ ત્રણ વ્યકિતઓએ સાથે મળીને વેચાણ રાખેલી. તે વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમા ૧ નંબરની બુકમાં ૧૩૦૩૦નંબરે તારીખ : ૨૬–૦૬–૨૦૦૭ ના રોજ રજીસ્ટર્ડ થયેલો. મજકુર દસ્તાવેજ આધારે મહેસુલી રેકર્ડ ઉપર ખરીદનાર ઈસમોના નામ હકક પત્રક એન્ટ્રી નંબર : ૨૦૩૨ થી તારીખ : ૨૦–૦૭–૨૦૦૭ થી દાખલ થયેલા અને તે એન્ટ્રી પ્રમાણિત થયેલી.

રવજીભાઈ અરજણભાઈ પટેલ તથા અન્યો પાસેથી સદરહુ જમીન (૧) યોગેશભાઈ મોહનલાલ પટેલ (૨) વિક્રમભાઈ મોતીભાઈ પટેલ (૩) પ્રહલાદભાઈ મણીલાલ પટેલ તથા (૪) સમીર મહેન્દ્રભાઈ છેડા વિગેરેએ તારીખ : ૧૭–૦૭–૨૦૦૭ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલી. તે દસ્તાવેજ મહેરબાન સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકના ૧૪૪૮૬ નંબરે તારીખ : ૧૭–૦૭–૨૦૦૭ ના રોજ રજીસ્ટર્ડ થયેલો. મજકુર દસ્તાવેજ આધારે(૧) યોગેશભાઈ મોહનલાલ પટેલ (૨) વિક્રમભાઈ મોતીભાઈ પટેલ (૩) પ્રહલાદભાઈ મણીલાલ પટેલ

તથા (૪) સમીર મહેન્દ્રભાઈ છેડા વિગેરેના નામો મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નંબર : ૨૧૪૨ થી તારીખ : ૩૦–૫–૨૦૦૮ થી દાખલ થયેલા અને તે એન્ટ્રી પ્રમાણિત થયેલી. આમ ભેસ્તાનના જુના સર્વે નંબર : ૧૪૩, રીસર્વે બાદ નવા સર્વે નંબર : ૧૦૯ અને ટી.પી.સ્કીમ નંબર : ૨૨ ના મુળ ખંડ નંબર : ૧૩ વાળી પુરેપુરી જમીન (૧) યોગેશભાઈ મોહનલાલ પટેલ (૨) વિક્રમભાઈ મોતીભાઈ પટેલ (૩) પ્રહલાદભાઈ મણીલાલ પટેલ તથા (૪) સમીર મહેન્દ્રભાઈ છેડા વિગેરેની માલિકીની ચાલી આવેલી. ટી.પી.સ્કીમ પ્રારંભિક યોજના તરીકે મંજુર થયેલી છે. મજકુર સ્કીમ હેઠળ અંતિમખંડ નંબર : ૨૬ વાળી ૧૫૭૭૯ સમ ચોરસ મીટર જમીન માલિકી હકકે ધારણ કરીએ છીએ અને તેનો પ્રત્યક્ષ કબજો પણ (૧) યોગેશભાઈ મોહનલાલ પટેલ (૨) વિક્રમભાઈ મોતીભાઈ પટેલ (૩) પ્રહલાદભાઈ મણીલાલ પટેલ તથા (૪) સમીર મહેન્દ્રભાઈ છેડા વિગેરેનો ચાલી આવેલો છે.

સદરહુ જમીન (૧) યોગેશભાઈ મોહનલાલ પટેલ (૨) વિક્રમભાઈ મોતીભાઈ પટેલ (૩) પ્રહલાદભાઈ મણીલાલ પટેલ તથા (૪) સમીર મહેન્દ્રભાઈ છેડા વિગેરેએ રહેઠાણના હેતુ માટે બિન ખેતીમાં રૂપાંતર કરવા માટે કલેકટરશ્રી, સુરતની કચેરીમાં અરજી આપેલી તે ઉપરથી કલેકટરશ્રી સુરતે તેમના હુકમ નંબર : એ/બખપ/રી–એસઆર નં.૧૪૭/૧૫/આઈડી નં.૧૭૧૫૯/વશી. ૧૪૬૧ થી ૧૪૭૪/૧૫ તારીખ : ૧૩–૦૫–૨૦૧૫ ના હુકમથી રહેઠાણના હેતુ માટે બિનખેતીમાં રૂપાંતર કરી આપી છે. રૂપાંતર કર તથા વિશેષધારાની પુરેપુરી રકમ (૧) યોગેશભાઈ મોહનલાલ પટેલ (૨) વિક્રમભાઈ મોતીભાઈ પટેલ (૩) પ્રહલાદભાઈ મણીલાલ પટેલ તથા (૪) સમીર મહેન્દ્રભાઈ છેડા વિગેરેએ સરકારી તિજોરીમાં ભરપાઈ કરેલી.

સદરહુ જમીન ઉપર બાંધકામ કરવા માટેના પ્લાન (૧) યોગેશભાઈ મોહનલાલ પટેલ (૨) વિક્રમભાઈ મોતીભાઈ પટેલ (૩) પ્રહલાદભાઈ મણીલાલ પટેલ તથા (૪) સમીર મહેન્દ્રભાઈ છેડા વિગેરેએ સુરત મહાનગરપાલિકાની કચેરીમાં મંજુરી અર્થે રજુ કરેલા છે તે પ્લાન સુરત મહાનગર પાલિકાની કચેરીમાં પડતર રહેલ. (૧) યોગેશભાઈ મોહનલાલ પટેલ (૨) વિક્રમભાઈ મોતીભાઈ પટેલ (૩) પ્રહલાદભાઈ મણીલાલ પટેલ તથા (૪) સમીર મહેન્દ્રભાઈ છેડા વિગેરે ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન, ડેવલપમેન્ટ ચાર્જ તથા અન્ય તમામ ડયુઝ ભરપાઈ કરેલા છે અને તેવી કોઈપણ રકમ ભરવાની બાકી રહેતી નથી.

મજકુર અંતિમખંડની કુલ્લે જમીન (૧) યોગેશભાઈ મોહનલાલ પટેલ (૨) વિક્રમભાઈ મોતીભાઈ પટેલ (૩) પ્રહલાદભાઈ મણીલાલ પટેલ તથા (૪) સમીર મહેન્દ્રભાઈ છેડા વિગેરે પાસેથી

મેસર્સ વીઆઈપી કોર્પોરેશન એક ભાગીદારી પેઢી, ઠેકાણું : ૩૨૧૧, ન્યુ ટેક્ષ્ટાઈલ માર્કેટ રીંગરોડ, સુરતના વતી અને તરફે તેના ભાગીદારો (૧) શંકર મુળચંદ ઉત્તમની (૨) કનૈયાલાલ મુળચંદ ઉત્તમની (૩) સની પુરણ ચાંદવાની તથા (૪) રાજેશ નારણદાસ કાછાની વિગેરેનાઓએ તારીખ : ૨૭–૦૫–૨૦૧૬ના રોજના રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલી જે વેચાણ દસ્તાવેજ મે. સુરતના સબ રજી. સાહેબ (ઉધના)ની કચેરીમાં અનુક્રમ નંબર : ૬૭૪૨ થી ૨૭–૦૫–૨૦૧૬ ના રોજ નોંધાયેલ છે.

ત્યારબાદ મેસર્સ વીઆઈપી કોર્પોરેશન એક ભાગીદારી પેઢી, ઠેકાણું : ૩૨૧૧, ન્યુ ટેક્ષ્ટાઈલ માર્કેટ રીંગરોડ, સુરતના વતી અને તરફે તેના ભાગીદારો (૧) શંકર મુળચંદ ઉત્તમની (૨) કનૈયાલાલ મુળચંદ ઉત્તમની (૩) સની પુરણ ચાંદવાની તથા (૪) રાજેશ નારણદાસ કાછાની વિગેરેએ સદરહુ જમીનમાં સબ પ્લોટ કરવા અંગેના પ્લાન સુરત મહાનગરપાલિકામાં મંજુરીઅર્થે રજુ કરેલાં. જે પ્લાન સુરત મહાનગરપાલિકાએ મંજુર કરી સબ પ્લોટ કરવાની પરવાનગી ટી.ડી.ઓ./ડીપી/નં.૨૫૯ થી તારીખ : ૧૪–૦૮–૨૦૧૭ ના રોજ આપેલી. મજકુર લે આઉટ પ્લાન મુજબ સદરહુ જમીન કે જેનો ટી.પી.સ્કીમ નંબર : ૨૨(ભેસ્તાન)ના ફા.પ્લોટ નંબર : ૨૬ વાળી કુલ જમીનમાં પાંચ સબ પ્લોટો પાડવામાં આવેલાં. જે સબ પ્લોટો પૈકી સબ પ્લોટ નંબર : ૪ આપવામાં આવેલ જેનું ક્ષેત્રફળ ૧૮૨૫.૦૦ સમ ચોરસ મીટર થાય છે. આમ સદરહુ પ્લોટ નંબર : ૪ વાળી જમીનના માલિકો મેસર્સ વીઆઈપી કોર્પોરેશન એક ભાગીદારી પેઢી, ઠેકાણું : ૩૨૧૧, ન્યુ ટેક્ષ્ટાઈલ માર્કેટ રીંગરોડ, સુરતના વતી અને તરફે તેના ભાગીદારો (૧) શંકર મુળચંદ ઉત્તમની (૨) કનૈયાલાલ મુળચંદ ઉત્તમની (૩) સની પુરણ ચાંદવાની તથા (૪) રાજેશ નારણદાસ કાછાની વિગેરે પાસેથી સદરહુ જમીન મેસર્સ શાહ ઈન્ફ્રા નામની ભાગીદારી પેઢીના ભાગીદારો (૧) મોતીરાજ રણમલ શાહ, (૨) પુષ્પાબેન રણમલ શાહ,(૩) સંગીતાબેન રમેશ શાહ,(૪) સ્વરૂપ રમેશ શાહ વિગેરેએ રજી. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર : ૧૪૫૧૮ થી તારીખ : ૧૮–૧૦–૨૦૧૭ ના રોજ વેચાણ રાખેલી. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ રજી. સાહેબની કચેરી(ઉધના)માં નોંધાયેલ છે.

આમ ઉપરોકત હકીકતે મજકુર પ્લોટવાળી જમીનના માલિકો મેસર્સ શાહ ઈન્ફ્રા નામની ભાગીદારી પેઢીના ભાગીદારો (૧) મોતીરાજ રણમલ શાહ, (૨) પુષ્પાબેન રણમલ શાહ,(૩) સંગીતાબેન રમેશ શાહ,(૪) સ્વરૂપ રમેશ શાહ વિગેરે થયેલાં અને ચાલી આવેલાં છે.

(૮) મજકુર દસ્તાવેજની ઈન્ડેક્ષ–૨ની ઝેરોક્ષ નકલ

(૯) મે. શાહ ઈન્ફ્રાનો ભાગીદારી દસ્તાવેજ

(૧૦) ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટીનું ફોર્મ એફની નકલ

(૧૧) સુરત અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટી (સુડા)નું પાર્ટ પ્લાનની ઝેરોક્ષ નકલ

(૧૨) સુરત શહેરી વિકાસ સત્તા મંડળ (સુડા)નું ઝોનીંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ

(૧૩) સુરત મહાનગરપાલિકાની રજાચીઠ્ઠીની ઝેરોક્ષ નકલ

(૧૪) એન.એ.ઓર્ડરની ઝેરોક્ષ નકલ

(૧૫) સર્ચ રસીદ અસલ (અઠવા સબ રજીસ્ટ્રાર)

(૧૬) સર્ચ કમ બોજા પત્રકની અસલ (ઉધના સબ રજીસ્ટ્રાર)

મજકુર જમીન રેવન્યુ દફતરે મે. વી.આઈ.પી. કોર્પોરેશન ભાગીદારી પેઢીના ભાગીદારો (૧) શંકર મુળચંદ ઉત્તમની (૨) કનૈયાલાલ મુળચંદ ઉતમની (૩) શની પુરણ ચાંદવાણી તથા (૪) રાજેશ નારણદાસ કાછાની વિગેરેના નામો ચાલે છે જે નામો કમી કરી–કરાવી મે. શાહ ઈન્ફ્રા નામની ભાગીદારી પેઢીના નામે દાખલ કરાવવા માટે મહે. મામલતદાર સાહેબશ્રીની કચેરીમાં અરજી કરેલી. જે અરજીના આધારે મહે. મામલતદાર સાહેબશ્રી ધ્વારા તારીખ : ૧૯–૦૨–૨૦૧૮ ના રોજ એન્ટ્રી નંબર : ૩૦૩૦ થી નોંધ પાડી પ્રમાણિત કરેલ છે.

આમ ઉપરોકત દસ્તાવેજના આધારે મજકુર પ્લોટવાળી જમીનના માલિક મે. મેસર્સ શાહ ઈન્ફ્રા નામની ભાગીદારી પેઢીના ભાગીદારો (૧) મોતીરાજ રણમલ શાહ, (૨) પુષ્પાબેન રણમલ શાહ,(૩) સંગીતાબેન રમેશ શાહ,(૪) સ્વરૂપ રમેશ શાહ વિગેરે બનેલા અને ચાલી આવેલા છે. અને મજકુર જમીન(પ્લોટ) હાલ સરકારી, અર્ધસરકારી દફતરે, ગ્રામ પંચાયત દફતરે મે. શાહ ઈન્ફ્રા નામની ભાગીદારી પેઢીનું નામ ચાલી આવેલ છે.

સ્થળ : સુરત

તારીખ : ૧૦–૦૪–૨૦૧૮

DIVYESH P. JUMKHAWALA ADVOCATE

દિવ્યેશ પી. જુમખાવાલા
એડવોકેટ

<u>ખરાઈ માટે આવેલ દસ્તાવેજોની વિગત :–</u>

(૧) મજકુર જમીન અંગેના ૭/૧૨ તથા ૬ ના ઉતારાની ઝેરોક્ષ નકલો

(૨) મે. વી.આઈ.પી. કોર્પોરેશન લી. ધ્વારા કરવામાં આવેલ રજી. વેચાણ દસ્તાવેજ અ.નં. ૬૭૪૨ તારીખ : ૨૭–૦૫–૨૦૧૬ ના દસ્તાવેજની પ્રમાણિત નકલ

(૩) મજકુર દસ્તાવેજની રજીસ્ટ્રેશન ફી ભરેલ રસીદની ઝેરોક્ષ નકલ પહોંચ નંબર : ૨૦૧૬૦૧૯૦૧૯૯૮૪

(૪) મજકુર દસ્તાવેજની અનુક્રમણીકા નંબર : ૨(ઈન્ડેક્ષ)ની નકલ

(૫) મે. વી.આઈ.પી. કોર્પોરેશનનો ભાગીદારી દસ્તાવેજની ઝેરોક્ષ નકલ

(૬) મે. શાહ ઈન્ફ્રા નામની ભાગીદારી પેઢીએ કરાવેલ રજી.વેચાણ દસ્તાવેજ અ.નં.૧૪૫૧૮ તારીખ : ૧૮–૧૦–૨૦૧૭ના દસ્તાવેજની પ્રમાણિત નકલ

(૭) મજકુર દસ્તાવેજની રજીસ્ટ્રેશન ફી ભરેલ રસીદની ઝેરોક્ષ નકલ પહોંચ નંબર : ૨૦૧૭૦૧૯૦૪૧૧૩૭